# શ્રી જીતેન્દ્રભાઈ લેઉવાનો વિદાય-શુભેચ્છા સમારંભ



ગ્રંથાલય નિયામકશ્રી પંકજભાઈ ગોસ્વામી નિવૃત્તિ વિદાય સમારંભમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરી રહ્યા છે.



ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખશ્રી પંકજભાઈ બાવિશી વિદાય સંદેશ આપી રહ્યા છે.



નિવૃત્તિ પછી 'જીવન જીવવાની કળા' વિશે પ્રમુખશ્રી પંકજભાઈ બાવિશી ટિપ્સ આપી રહ્યા છે.



ગ્રંથાલય નિયામકશ્રીની કચેરીના સર્વે સ્ટાફ શુભેચ્છાના પ્રતિક રૂપે લેઉવાને સ્મરણ ચિહ્ન આપી રહ્યા છે.



જીતેન્દ્રભાઈ લેઉવાને શાલ ઓઢાડી શુભેચ્છા વ્યક્ત કરી રહેલા સંઘના પ્રમુખ પંકજભાઈ બાવિશી



જીતેન્દ્રભાઈ લેઉવાને ગુલદસ્તો, દ્વારકાધીશનો ફોટો અને ભેટ આપી રહેલા સંઘના પ્રમુખ પંકજભાઈ બાવિશી


મોકલનાર :
પંકજકુમાર એમ. બાવિશી (પ્રમુખ)
ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫-મનીષ સોસાયટી,
સુંદરનગર પાસે, અંકુર રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. : ૬૩૫૧૪૦૫૭૨૭


બુક-પોસ્ટ - પ્રિન્ટેડ મેટર




॥ संघात् सखायते सन्धि॥ ISSN : 0970 - 5244

RAJA RAMMOHUN ROY LIBRARY FOUNDATION

# ગ્રંથાલોક


તંત્રી : શ્રી પંકજભાઈ એમ. બાવિશી

વર્ષ : ૪૪ અંક - ૩ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનું ત્રિમાસિક સંપર્ક પત્ર જુલાઈ થી સપ્ટેમ્બર - ૨૦૨૨


## તિથલ-૩૮માં ત્રિદિવસીય ગ્રંથાલય પરિસંવાદની માહિતી વાળો અંક

## ભારતીય નવજાગરણ : રાજા રામમોહનરાય (૧૭૭૨-૧૮૩૩)

### ૨૫૦ મી જન્મજયંતિ



રાજા રામમોહનરાય

૯ વર્ષના બાળકના મોટાભાઈ જગમોહનનું અવસાન થયું ઘરમાં રોકકળની સાથે પરિવારજનો ભાભી અલકમંજરીને સોળે શણગાર સજાવી રહ્યા હતા. સતીમાતાની જયના પોકારો સાથે સહુ સ્મશાન ગયા અલકમંજરીને રીતસર ચિતા પર ચડાવી સતી કરી દીધી. બાળક વિચારે છે આ સ્વૈચ્છિક સતી નહિ હત્યા જ છે અને આવી ક્રૂર, અમાનવીય પ્રથાને નાબૂદ કરવાનું મનમાં નક્કી કરી દીધું. આ બાળક એટલે રાજા રામમોહનરાય અને ૨૨મીમે-૧૭૭૨ તેમનો જન્મદિવસ છે. તેમને રાજાનું બિરુદ મુઘલ બાદશાહ અકબર બીજાએ આપ્યું હતું. બંગાળના હુગલીના રાધાનગર ગામે તેમનો જન્મ થયો. અરબી, ફારસી, સંસ્કૃત અને બંગાળીનો વિશદ અભ્યાસ કર્યો. આત્મીય સભા (૧૮૨૮)જેવી સંસ્થાઓ સ્થાપી, મીરાં-ઉલ-અખબાર અને સંવાદ કૌમુદી જેવા અખબારો ચલાવ્યા, વેદ-ઉપનિષદોનું બંગાળીમાં ભાષાંતર કર્યું. બાળલગ્નો, બહુપત્નીત્વ, સતીપ્રથા, જાતિવાદ અને કર્મકાંડો વિરુદ્ધ વિચારો વ્યક્ત કર્યા. આ બધા દ્વારા બંગાળના સમાજમાં સામાજિક ચેતનાની જબરદસ્ત લહેર પ્રસરાવી. તેમના પ્રયત્નો અને ગર્વનર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિકના માનવતાવાદી અભિગમથી ૧૮૨૯માં સતીપ્રથા કાયદા દ્વારા નાબૂદ થઈ. ૨૮ સપ્ટેમ્બર ૧૮૩૩ના રોજ ૬૧વર્ષની ઉમરે તેમનું અવસાન થયું. ભારતભરમાં ગ્રંથાલયના સર્વાંગી વિકાસ અને ગ્રંથાલય વિજ્ઞાનના પ્રચાર - પ્રસાર તથા ગ્રંથપાલોને તાલીમ મળે તે હેતુથી રાજા રામમોહન રાય લાઈબ્રેરી ફાઉન્ડેશનની સ્થાપના થઈ છે. તેનું વડું મથક કોલકાતામાં છે.

ખૂબજ અગત્યનું : ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની નવી વેબ સાઈડ અને ઈ.મેલ

Website : www.gujaratgranthalayasevasangh.in ❖ E-mail : gujaratgranthalayasevasangh@gmail.com

વધુ માહિતી માટે હિમાંશુભાઈ પાંધીનો સંપર્ક કરવો. મો. ૯૪૨૭૨૦૭૫૬૫


પ્રકાશક : પંકજભાઈ બાવિશી - પ્રમુખ, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫, મનીષ સોસાયટી, સુંદરનગર પાસે, અંકુર રોડ, નારણપુરા,
અમદાવાદ - ૩૮૦૦૧૩. (ગુજરાત) મો. : ૬૩૫૧૪૦૫૭૨૭

# ૩૮મો ત્રિદિવસીય ગ્રંથાલય સેમિનાર

**ગ્રંથાલય સેવા સંઘના પ્રિય મિત્રો,**

**વલસાડ જિલ્લા ગ્રંથપાલ મંડળના આમંત્રણને સ્વીકારી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, આયોજિત ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૮મો રાષ્ટ્રીય અને ૩૮મો રાજ્યકક્ષાનો ત્રિદિવસીય ગ્રંથાલય પરિસંવાદ તિથલ મુકામે રાજા રામમોહન રૉય લાઈબ્રેરી ફાઉન્ડેશન-કોલકાતા અને ગ્રંથાલય ખાતુ, ગાંધીનગરના સહયોગથી તા. ૨૭, ૨૮ અને ૨૯ જાન્યુઆરી ૨૦૨૩, શુક્રવાર, શનિવાર, અને રવિવારના દિવસોએ યોજવાનું નકકી કરવામાં આવ્યું છે.**

**(ક) પરિસંવાદના સ્થળે આવવા અંગેની માહિતી :**

**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના આ ગ્રંથાલય પરિસંવાદના ઉત્તમ આયોજન માટે આપ સૌના હાર્દિક સહકારની અપેક્ષા છે. કોઈપણ પ્રતિનિધિને તકલીફ ન પડે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.**

**તિથલ વિષે ગ્રંથપાલ મિત્રોને માહિતી આપવી એ દિવો લઈને પ્રકાશ શોધવા જેવી વાત કહેવાય. ગ્રંથપાલ એટલે 'ઈન્ફર્મેશન ઑફિસર' માટે તેની પાસે સર્વ જાણકારી હોય જ. તેમ છતાં અત્રે માહિતી આપવી ઉચિત ગણાશે.**

**તિથલની માહિતી :**

લાઈબ્રેરિયન દિગ્વિજયસિંહ ચૌહાણનું બિલીમોરા હોય કે લાઈબ્રેરિયન ભાઈશ્રી સનત વ્યાસનું વલસાડ હોય આ પ્રદેશ એટલે દક્ષિણ ગુજરાતનો વનરાજી અને ભર્યો ભાદર્યો અતિવૃષ્ટિવાળો સુખી પ્રદેશ. અહીં ફળોનો રાજા કેસર કેરી અને હાફૂસ કેરી, ચિકુ, સફેદ જાંબુના સામ્રાજ્યવાળો વિસ્તાર. આ ધરતીની મીઠાશ, આ મુગટની કલગીરૂપે વલસાડથી માત્ર ૭-૮ કિલોમીટરના અંતરે આવેલું ધર્મતીર્થધામ એટલે તિથલ. વલસાડનું ઉપનગર તિથલ કહેવાય. વલસાડ અને તિથલ વચ્ચે વ્યવસાયિક બિલ્ડિંગો અને રહેઠાણની સોસાયટીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે.

અહીં બી. એ. પી. એસ. સંસ્થાનું ભગવાન સ્વામિનારાયણ દેવનું અતિ સુંદર મંદિર આવેલું છે, જ્યાં ભગવાનના ચરણો દરિયાદેવ ધૂએ છે. એટલે કે મંદિરની લગોલગ દરિયાદેવ છે. આ દરિયા કિનારો ફરવા લાયક છે, **પરંતુ થોડો જોખમી પણ ખરો.** બીજી બાજુ જૈન ધર્મમાં જેઓની પ્રથમ હરોળમાં ગણના થાય છે, તેવા આચાર્યશ્રીઓ પરમ પૂજ્ય બંધુ ત્રિપુટી દ્વારા ભગવાનનું દેહરાસર (મંદિર) ધર્મશાળા, શાંતિનિકેતન સાધના કેન્દ્ર આવેલું છે, જ્યાં વર્ષ દરમિયાન શ્રાવક અને શ્રાવિકાઓ પધારે છે. અહીં સાંઈબાબાનું તીર્થધામ પણ આવેલું છે, જે નાનું એવું સ્થળ હતું ત્યાં પુનઃ નિર્માણ કરી મોટું સંકુલ બનાવવામાં આવેલું છે. મંદિરની દિવાલને અડીને જ સમુદ્ર આવેલો છે.

આ પહેલાં આપણે ૨૦૦૭માં અને ૨૦૧૯માં અહીં સેમિનાર કરેલો છે. મુંબઈના અનાજ બજારના વેપારીઓ દ્વારા સેનેટોરિયમ બનાવવામાં આવેલું છે. આ આરોગ્ય ધામમાં રહેવાના બ્લૉક તથા અતિસુંદર હૉલ આવેલ છે, તેમજ અહીં કૅન્ટિન દ્વારા સ્વાદિષ્ટ ભોજન આપવાની વ્યવસ્થા છે. આ જગ્યાનું પણ રિનૉવેશન કરી વધુ સારી સગવડતા મળે તેવી વ્યવસ્થા મુંબઈ સ્થિત વહિવટદારો દ્વારા કરવામાં આવેલી છે.

એક સમયે અહીં દરિયા કિનારે નારિયેરીના ઘટાદાર વૃક્ષો આવેલા હતા. અત્યારે છુટાં-છવાયા નારિયેરીના વૃક્ષો દેખાય છે. બાજુમાં આવેલ ઉભરાટ પણ સુંદર દરિયા કિનારો ધરાવે છે. વલસાડની બાજુમાં પારનેરા ડુંગર આવેલો છે, જેની ઉપર આદ્યશક્તિ ચામુંડા માતાજીનું મંદિર કે જેની મૂર્તિ અલગ પ્રકારની છે તથા અન્ય મંદિરો આવેલા છે. શ્રદ્ધાળુઓ અહીં દર્શન માટે પધારે છે.

''વિલ્સન'' ટેકરીઓ આવેલી છે, જે આશરે ૫૦૦ મીટર ઊંચાઈ ધરાવે છે. આ સ્થળ ખૂબ જ રમણીય છે. આ પહાડનું શિખર વલસાડથી ૫૦ કિ.મી. દૂર આવેલું છે. મુંબઈ રાજ્ય વખતના ગવર્નરે મુલાકાત કરેલી, તેમનું સ્ટેચ્યું પણ ત્યાં છે.

તિથલમાં આચાર્ય રજનીશજીનું ધ્યાન કેન્દ્ર પણ આવેલું છે, અહીંના આહ્લાદક અને ખુશનુમા વાતાવરણ વચ્ચે મનની શાન્તિ મેળવવી છે, તેના સાધકો અહીં ધ્યાન કરવા આવે છે. હા અહીં વલસાડ અને તિથલ વચ્ચે (આપણાં ઉતારાની નજદીક) ચંપલ, સેન્ડલ, બૂટ વગેરેનું માર્કેટ આવેલું છે, જે સુંદર અને ટકાઉ હોય છે, તેવી વાત જાણવા મળેલી છે.

**આપણે સૌ આપણા વ્યવસાયમાં નિપુણતા મેળવતા રહીએ એટલે કે, નવા જમાનામાં નવી ટૅક્નૉલૉજીથી અપડેટ થઈ આપણાં ગ્રથાલયોમાં તેનો અમલ કરી આપણા ગ્રંથાલયોનો ઉપયોગ કરવા આપણા જિજ્ઞાસુઓની અપેક્ષા પૂર્ણ કરી શકીએ તો આપણા સૌનું વ્યવસાયિક જીવન સાર્થક થયું કહેવાય. આ સેમિનારમાં હાજરી આપી કશુંક તો લઈને જવાનું છે. પેલી કહેવત પ્રમાણે ''પોદળો ઉપડે તો થોડીક ધૂળ લઈને જ ઉપડે'' તો ચાલો ઐતિહાસિક પ્રાચીન નગરીમાં નૈસર્ગિક વાતાવરણ અનુભવતા-માણતા સેમિનારમાં હાજરી આપી ઓતપ્રેત થઈ જઈએ.**

**(ખ) પરિસંવાદના વિષયો :**

**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દ્વારા આયોજિત આગામી પરિસંવાદના વિષય પસંદગી માટે તજજ્ઞોની બેઠકમાં સાંપ્રત સમયને ધ્યાનમાં રાખી સઘન ચર્ચા-વિચારણાને અંતે મુખ્ય વિષય તરીકે નીચે દર્શાવેલ વિષયોની પસંદગી કરવામાં આવી છે. આજના ૨૧મી સદીના સંદર્ભમાં ગ્રંથાલય વ્યવસાયિકો પાસે કૌશલ્યો અને પડકારો ઝીલવાની ક્ષમતાઓ કેટલી છે તે ચકાસવાનો સમય પાકી ગયો છે. એ હેતુથી પરિસંવાદના મુખ્ય વિષય (Main theme) તરીકે પસંદ કરવામાં આવ્યો છે. સદરહુ વિષય જણાવ્યા મુજબના ચાર પેટા વિભાગોમાં વિભાજિત કરેલ છે.**

**જણાવેલ ચાર વિષયોમાંથી પસંદગી કરીને કોઈ એક વિષય ઉપર પોતાનો લેખ રજૂ કરવાનો રહેશે. પસંદ કરેલા વિષયમાં પણ વિષય વ્યાપ અત્યંત વિશાળ હોવાથી આપની પસંદગીના એકાદ મહત્વના મુદ્દા પર પણ અભ્યાસપૂર્ણ લેખ તૈયાર કરી શકાય.**

### ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની બેન્ક માહિતી

બેન્કનું નામ : બેન્ક ઑફ બરોડા, ઉસ્માનપુરા બ્રાન્ચ, અમદાવાદ.

ખાતા નંબર : 09330100001405

ખાતાનો પ્રકાર : સેવિંગ્ઝ

માઈકર કોડ : 380012044

IFSC Code : BARB0USMANP

આપ બેન્કમાં જે નાણાં મોકલો તેની વિગત કિરીટભાઈ ગંધકવાલાને તેમના મો. નંબર 98799 53966 માં વોટ્સએપ પર મોકલી આપવી.

### સેમિનારના રજીસ્ટ્રેશન અંગેની વિગત

(૧) ભોજન-રહેઠાણ-ડેલીગેશન
ફી રૂા. ૧,૦૦૦

(૨) નિવૃત્ત ગ્રંથપાલ અને ગ્રંથાલય ખાતાની ગ્રાન્ટ મેળવતા સાર્વજનિક ગ્રંથાલય
ફી રૂા. ૮૦૦

(૩) વિદ્યાર્થીઓ (તેઓ જ્યાં અભ્યાસ કરે છે તેના વડાનો દાખલો જરૂરી છે.)
ફી રૂા. ૨૫૦

નોંધ : કોઈપણ જગ્યાએ સર્વિસ કરતાં ગ્રંથપાલ જો Ph.D. કરતાં હોય તો તેની કક્ષા વિદ્યાર્થીની કેટેગરીમાં ગણાશે નહિં.

# Subject of the Conference

**(1) Libraries - Vision 2030 : Open Access, Open Source, Open Data**
**૨૦૩૦નાં ગ્રંથાલયો - દૂરદર્શિતા : મુક્ત ઉપયોગ, મુક્ત સ્રોત, મુક્ત ડેટા**

**(A) Professional opportunity and preparedness in the field of Librarianship**
**ગ્રંથાલય ક્ષેત્રે વ્યવસાયિક તકો અને સજ્જતા**

| | | |
|---|---|---|
| 1.1 | Enterpreneurship in Information Service | માહિતી સેવાઓમાં ઉદ્યમશિલતા |
| 1.2 | Collection Development | સંગ્રહ વિકાસ |
| 1.3 | New Information Products | નવી માહિતી ઉપજો |
| 1.4 | Changing Role of Librarians | ગ્રંથપાલોની બદલાતી ભૂમિકા |
| 1.5 | Changing Trends in LIS Education | ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન શિક્ષણમાં બદલાતા પ્રવાહો |

**(B) Mobile Technology and Library Services**
**મોબાઈલ ટેક્નોલોજી અને ગ્રંથાલય સેવાઓ**

| | | |
|---|---|---|
| 2.1 | Information Services and Mass Media | માહિતી અને સમૂહ માધ્યમો |
| 2.2 | Mobile App | મોબાઈલ એપ |
| 2.3 | Internet Tings | ઈન્ટરનેટ થિંગ્સ |
| 2.4 | Use of Mobile Technology in LIS Education | ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન શિક્ષણમાં મોબાઈલનો ઉપયોગ |

**(C) Data Analysis and Metrics**
**ડેટા પૃથક્કરણ અને માપન પદ્ધતિઓ**

| | | |
|---|---|---|
| 3.1 | Librametrics | લિબ્રામેટ્રીક્સ |
| 3.2 | Bibliometrics | બિબ્લીઓમેટ્રીક્સ |
| 3.3 | Informetrics | ઈન્ફોર્મેટ્રીક્સ |
| 3.4 | Scientometrics | સાયન્ટોમેટ્રીક્સ |
| 3.5 | Weboimetrics | વેબોમેટ્રીક્સ |
| 3.6 | Almetrics | અલમેટ્રીક્સ |
| 3.7 | Cybermtrics | સાયબરમેટ્રીક્સ |

**(D) Public Libraries : Global Knowledge Hub**
**સાર્વજનિક ગ્રંથાલયો : વૈશ્વિક જ્ઞાનકેન્દ્રો**

| | | |
|---|---|---|
| 4.1 | Information Sources | માહિતી સ્રોતો |
| 4.2 | Internet Services | ઈન્ટરનેટ સેવાઓ |
| 4.3 | Users of Global Knowledge Hub | વૈશ્વિક જ્ઞાનકેન્દ્રોના ઉપભોક્તાઓ |
| 4.4 | Public Libraries as Community Centres | સામુદાયિક કેન્દ્ર તરીકે જાહેર ગ્રંથાલયો |
| 4.5 | Libraries without Wall | મુક્ત ગ્રંથાલયો |

આમ મૂળ થીમને કેન્દ્રમાં રાખી દરેક પેટા મુદ્દા વિષયક આધારભૂત માહિતી સાથેના સ્વતંત્ર લેખો તૈયાર કરી તા. ૧૫ મી ડિસેમ્બર, ૨૦૨૨ સુધીમાં મોકલી આપવા ખાસ વિનંતી છે.

**(ગ) લેખો તૈયાર કરવા અને ગ્રંથાલય પરિસંવાદમાં રજિસ્ટર કરવા અંગે લેખકો માટે જરૂરી માહિતી :**

(૧) નક્કી કરેલા વિષયોમાંથી કોઈ પણ વિષય/વિષયો ઉપર, આપેલ સૂચના પ્રમાણે લેખ/લેખો તૈયાર કરીને ત્રણ નકલમાં, સારસંક્ષેપ તથા સીડી સાથે નક્કી કરેલી ફીની રકમ એટપાર ચેક/ડીડીથી તથા લેખકો માટેનું ફોર્મ ભરીને તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૨૨ પહેલા ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખને મોકલી આપશો. તે પછી આવેલા લેખો સ્વીકારાશે નહીં, લેખ/લેખો ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં લખી શકાશે.

(૨) લેખની અંદર વ્યવહારમાં ઉપયોગી થાય તેવા સૂચનોની ચર્ચા કરવી.

(૩) લેખ એ-૪ સાઈઝમાં ડબલ સ્પેસમાં ટાઈપ કરેલો હોવો જરૂરી છે. હાથે લખેલા લેખ કે ફુલસ્કેપ સાઈઝના કાગળમાં ટાઈપ કરેલા લેખો સ્વીકારાશે નહીં.

(૪) લેખને, વાળીને મોકલવો નહીં. એ-૪ સાઈઝનો પેપર આવે તેવા કવરમાં લેખને મોકલવો. સીડી તૂટી ન જાય તે રીતે સીડી સુરક્ષિત કવરમાં મોકલવી.

(૫) લેખ વધુમાં વધુ ૩૦૦૦ (ત્રણ હજાર) શબ્દોમાં તૈયાર કરવો. એથી ઓછું લખાણ હશે તો તે ચાલશે. લેખમાં સામાન્ય અને બિનજરૂરી માહિતી જણાવવાની જરૂર નથી.

(૬એ) ટાઈપીંગ અંગે ખાસ સૂચના : લેખ એ-૪ સાઈઝના કાગળમાં ઉપર નીચે એક-એક ઈંચનો અને ડાબી બાજુએ બે ઈંચનો અને જમણી બાજુએ એક ઈંચનો હાંસિયો રાખીને ડબલ સ્પેસમાં ટાઈપ કરાવવો. ફોન્ટ સાઈઝ : ટાઈટલ માટે ૧૪ અને અંદરની મેટર માટે ૧૨ની સાઈઝના ફોન્ટનો ઉપયોગ કરવો.

(૬બી) લેખ જો ગુજરાતીમાં હોય તો કમ્પ્યુટર પર ટાઈપ કરાવી તેના ફોન્ટ લેખની સીડી સાથે મોકલવા. લેખ બને ત્યાં સુધી **બી ભારતી ગોપીકા ટુ** માં મોકલવા ખાસ વિનંતી.

(૭) લેખકે/લેખકોએ પોતાના લેખનો સાર સંક્ષેપ તથા તેમના નામ, સંસ્થાનું નામ, ઘરનું સરનામું, મોબાઈલ નં., ઈ-મેઈલ તથા જન્મ તારીખ વગેરે ફક્ત પ્રથમ પેજ ઉપર લખવું. અન્ય પેજ ઉપર તેમનું/ના નામ ન લખવું/વા. તથા માત્ર ફક્ત શીર્ષક જ લખવા વિનંતી છે. સાર ૨૦૦ શબ્દોની મર્યાદામાં લખવો સાથે આપનો પાસપોર્ટ સાઈઝનો ફોટો પાછળ નામ લખી મોકલવો.

(૮) યોગ્ય ગુણવત્તા યુક્ત લેખો તૈયાર થાય અને પ્રસિદ્ધ થાય તે માટે લેખ લખવા માટે ઉપયોગમાં લીધેલ સાહિત્ય સામગ્રીના સંદર્ભોની પૂર્ણ વિગતો આપવી અને લેખમાં તેનો જ્યાં ઉપયોગ કર્યો હોય ત્યાં અનુક્રમ નંબર આપીને ઉલ્લેખ કરવો અત્યંત જરૂરી છે. એકલા સંદર્ભોની યાદી આપવી નહીં, તેનો કોઈ જ અર્થ રહેતો નથી. લેખ લખવા માટે બીજાના લખાણમાંથી સંદર્ભ આપ્યા સિવાય, ઉતારા કરવા નહીં આની જાણ થશે તો લેખકનું નામ તથા સરનામું હવેથી જાહેર કરવામાં આવશે. સાહિત્ય ચોરી ના કરશો. મૌલિક લખાણ લખવા પ્રયત્ન કરશો.

(૯) સામાન્ય સભામાં નક્કી કર્યા મુજબ લેખ સાથે દરેક લેખક દીઠ રૂપિયા ૫૦૦/- મોકલવાના રહેશે. પરિસંવાદમાં લેખ રજૂ થયે રૂપિયા ૩૦૦/ (અંકે રૂપિયા ત્રણસો) પરત કરવામાં આવશે. લેખ રજૂ કરતી વખતે લેખના સર્વ લેખકોએ પરિસંવાદમાં રજિસ્ટ્રેશન કરાવવું તથા હાજર રહેવું ફરજિયાત છે. ગેરહાજર રહેનાર લેખક/કોને કોઈ પણ રકમ પરત મળશે નહીં કે પ્રમાણપત્ર પણ મળશે નહીં.

(૧૦) વિદ્યાર્થીઓ, નિવૃત્ત ગ્રંથપાલો,સરકારી અનુદાન લેતા સાર્વજનિક ગ્રંથાલયોના ગ્રંથપાલોએ લખેલા લેખો સાથે કોઈ પણ રકમ મોકલવાની નથી પરંતુ નિવૃત્તો સિવાયના લેખક/કોએ જે તે સંસ્થાનું પ્રમાણપત્ર લાવવું જરૂરી છે. અન્ય લેખકોએ રૂા. ૫૦૦/- લેખક દીઠ મોકલવાના છે.

(૧૧) જેઓ પરિસંવાદ સમયે લેખ લખીને લાવશે તેઓએ રૂપિયા ૨૦૦/- લેખક દીઠ ભરવાના રહેશે. આ રકમ પરત મળશે નહીં. લેખ યોગ્ય લાગશે અને સમય હશે તો જ તે રજૂ કરવાની મંજૂરી આપવામાં આવશે.

(૧૨) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના બી. લિબ અને એમ. લિબના વિદ્યાર્થીઓને વિનંતી કે તેઓ તેમના લેખો માટે તેમના અધ્યાપકો કે ડીપાર્ટમેન્ટના વડાનું માર્ગદર્શન મેળવે અને સંસ્થાના વડા દ્વારા ફોર્વર્ડિંગલેટર સાથે જ લેખ વગેરે મોકલે. વિદ્યાર્થીઓએ પણ લેખની ત્રણ નકલો, સારસંક્ષેપ અને સી.ડી. અત્રે ઉપર આપેલી સૂચનાઓ પ્રમાણે મોકલવાની રહેશે.

**(ઘ) લેખ પુરસ્કાર :**

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘે નક્કી કર્યા મુજબ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૨૨ સુધીમાં આવેલા લેખોમાંથી નીચે જણાવેલા પ્રકારમાંથી ઉત્તમ લેખોને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપવામાં આવશે. આ માટે લેખકે/લેખકોએ પરિસંવાદમાં લેખ રજૂ કરવો જરૂરી છે.

(૧) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના બી.લિબ અને એમ.લિબના વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા એક ઉત્તમ લેખને.

(૨) ગ્રંથાલયમાં કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનું શિક્ષણ આપતા ૪૦ વર્ષથી નીચેના ગ્રંથપાલો કે શિક્ષકો દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા એક ઉત્તમ લેખને.

(૩) ગ્રંથાલયમાં કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનું શિક્ષણ આપતા ૪૦ વર્ષથી ઉપરના ગ્રંથપાલો કે શિક્ષકો દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા એક ઉત્તમ લેખને.

(૪) નિવૃત્ત ગ્રંથપાલો કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના નિવૃત શિક્ષકો દ્વારા લખાયેલા લેખોના દરેક લેખકને જો તે લેખ રજૂ કરશે તો તેઓ સર્વને યોગ્ય રીતે પુરસ્કૃત કરવામાં આવશે.

લેખકની ઉપરોક્ત ચાર કક્ષાઓમાંથી કક્ષા નક્કી કરવા માટે લેખક/લેખકોની **જન્મ તારીખ લખવી અતિ આવશ્યક છે. વધુમાં માત્ર વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી શબ્દ લખવો.**

**ખાસ નોંધ :** લેખના પ્રકાશન માટે કે ફેરફાર અંગેનો કે ફક્ત સારસંક્ષેપ જ છાપવા અંગેનો સંપાદન સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**પ્રતિનિધિએ આ ફોર્મ તા. ૩૧-૧૨-૨૦૨૨**
**પહેલા સંપૂર્ણ વિગતો ભરીને ડીડી/એટ પાર ચેક સાથે મોકલવા વિનંતી**
**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૮ મો રાષ્ટ્રીય અને ૩૮મો ગ્રંથાલય પરિસંવાદ, તિથલ**
**તા. ૨૭, ૨૮ અને ૨૯, જાન્યુઆરી, ૨૦૨૩, શુક્રવાર, શનિવાર, રવિવાર**

> આ ફોર્મની ઝેરોક્ષ કરી તે ભરીને મોકલવું.

પ્રતિ,
શ્રી પંકજ બાવિશી
પ્રમુખ, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫, મનીષ સોસાયટી, સુંદરનગર પાસે,
અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ભાઈશ્રી,
હું ૮મો રાષ્ટ્રીય અને ૩૮મા ગ્રંથાલય પરિસંવાદમાં તિથલ મુકામે હાજરી આપીશ.
મારી વિગત નીચે મુજબ છે.

(૧) પ્રતિનિધિનું નામ : (અટક પહેલા લખવી)

________________________________________

(૨) પૂરું સરનામું : ________________________________

________________________________________

__________________________ પીન ______________

ફોન નં. **STD Code** સાથે (રહે.) ____________ (મો.) ______________

(૩) હોદ્દો ____________________

(૪) સંસ્થાનું નામ અને સરનામું : __________________________

________________________________________

ફોન નં. સાથે (ઓ.)

(૫) ઇ-મેઇલ આઈડી ______________________________

(૬) લાગુ પડે ત્યાં યોગ્ય ટીક માર્ક કરો :

- હું સાર્વજનિક ગ્રંથાલય સરકારી અનુદાન મેળવતા ગ્રંથાલયમાં કામ કરું છું. ☐
- હું વિદ્યાર્થી છું. ☐ • હું નિવૃત્ત છું. ☐ • હું અધ્યાપક છું. ☐ ટીક કરો.
- હું સંઘનો આજીવન સભ્ય નથી તેથી સંઘની વાર્ષિક સભ્ય ફી ₹ ૨૦૦/- અથવા આજીવન સભ્ય ફી ₹ ૧૫૦૦/- પ્રતિનિધિ ફી ની રકમ સાથે ઉમેરીને કુલ રકમ મોકલાવેલ છે.

આ સાથે ડીડી/એટ પાર ચેકથી ₹ __________ મોકલ્યા છે. વિગતો ડીડી/ચેક પાછળ લખી છે.

સ્થળ : લી.

તારીખ : / /૨૦૨૨

(૧) આપનો ચેક (એટપારનો) અથવા ડી.ડી. આ ફોર્મ સાથે નીચેના સરનામે મોકલવો.
(૨) કો-ઓપરેટિવ બૅંકનો ચેક મોકલવો નહીં.
(૩) બૅંક બેલેન્સ સિવાયનો ચેક પણ મોકલવો નહીં.

**ગંધકવાલા કિરીટકુમાર બચુભાઈ (મંત્રી)**
**૫, પ્રણામ એપાર્ટમેન્ટ, મોટા ચાંપાનેર સોસાયટી,**
**પોસ્ટ ઓફીસ પાછળ, ઉસ્માનપુરા, આશ્રમ રોડ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૧૩.**

આ ફોર્મની ઝેરોક્ષ કરી તે ભરીને મોકલવું.

ભાઈશ્રી,

મેં નીચે મુજબનો ડીડી/એટ પાર બૅંકનો ચેક નં. ____________

તા. __________ / __________ બૅંક ______________

ગામ ______________ શાખા ______________

રૂપિયા ______________ નો બીડ્યો છે. ચેક પાછળ મારું નામ, સ્થળ અને મોબાઈલ નંબર લખ્યો છે.

| | |
|---|---|
| ભોજન, રહેઠાણ અને ડેલીગેટ ફી વગેરેના | ₹ ૧૦૦૦ |
| માત્ર ભોજન અને ડેલીગેટ ફી ના | ₹ ૮૦૦ |
| સંઘની સભ્ય ફીના (વાર્ષિક/આજીવન)૨૦૦ અથવા ૧૫૦૦ | ₹ __________ |
| કુલ ચેકની/ડીડીની રકમ | ₹ __________ |

સ્થળ :

તારીખ : / /૨૦૨૨ લી.

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૭મો રાષ્ટ્રીય અને ૩૭મો ગ્રંથાલય પરિસંવાદ, અમદાવાદ

**ગ્રંથપાલ મિત્રોને 'બુક ઓફ પેપર્સ'માં જાહેરખબર મેળવી આપવા નમ્ર વિનંતી છે.**

**જાહેરખબરના દર નીચે મુજબ છે.**

**સાઇઝ : ૨૪ સે.મી. ૧૭ સે.મી. : આખું પાનું**
**સાઇઝ : ૧૨ સે.મી. ૧૭ સે.મી. : અડધું પાનું**

| | |
|---|---|
| **– ચોથું ટાઇટલ પેઇજ મલ્ટી કલરમાં** | **₹ ૧૦,૦૦૦/-** |
| **– બીજું અને ત્રીજું ટાઇટલ પેઇજ મલ્ટી કલરમાં** | **₹ ૫,૦૦૦/-** |
| **– મલ્ટી કલરમાં ખાસ પેઇજ :** | **₹ ૫,૦૦૦/-** |
| **– સામાન્ય પૃષ્ઠ ઉપર : એક પેઇજના** | **₹ ૧,૫૦૦/-** |
| **– સામાન્ય પૃષ્ઠ ઉપર : અડધા પેઇજના** | **₹ ૧,૦૦૦/-** |

દરેક ગ્રંથપાલને વિનંતી નાની-મોટી એક જાહેરાત મોકલશો.

**ચેક તથા જાહેરાતનું મેટર "ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદ"ને મોકલવા વિનંતી છે.**

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૮મો રાષ્ટ્રીય અને ૩૮મો ગ્રંથાલય પરિસંવાદ, તિથલ

તા. ૨૭, ૨૮ અને ૨૯, જાન્યુઆરી, ૨૦૨૩

લેખકો દ્વારા લેખ સાથે ઝેરોક્ષ નકલમાં ભરીને

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદના ઉપપ્રમુખને નીચેના સરનામે મોકલવાનું ફોર્મ

છેલ્લી તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૨૨

### Author's Declaration Form

૧. લેખકનું નામ, સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ (અટક પહેલા લખવી)

નામ : ______________________________

સરનામું : ______________________________

______________________________

______________________________ પીનકોડ : ______________

ઈ-મેઈલ : ______________________ મો. : ______________

૨. લેખકની જન્મ તારીખ : ______________________ (પાસપોર્ટ સાઈઝનો ફોટો મોકલવો.)

૩. લેખનું શીર્ષક ______________________________

૪. લેખ તથા તે રજૂ કરવા માટેની કુલ ફી (દરેક લેખકના ₹ ૫૦૦ પ્રમાણે) નીચેની વિગતે મોકલેલ છે.

૫. નાણાં ચૂકવણીની વિગતો : (બૅંક, ચેક નં., રકમ, તારીખ વગેરે) અથવા ઓનલાઈન ☐ ટીક કરો.

બૅંકનું નામ ______________________ બ્રાંચ ______________

ચેક નં. ______________ તારીખ ______________ ૨૦૨૧

રકમ ₹ ______________ અંકે ₹ ______________________

૬. લેખની ત્રણ નકલો, સાર સંક્ષેપ તથા CD આ સાથે સામેલ કરી છે.

૭. વિદ્યાર્થીએ આ ફોર્મ પોતાના સંસ્થાના વડા દ્વારા મોકલવું જરૂરી છે.

૮. હું/અમો આથી જાહેર કરું છું / કરીએ છીએ કે મારો / અમારો લેખ લખવા માટે લેખકનો ઉલ્લેખ કર્યો કે રેફરન્સ આપ્યા વગર મેં / અમોએ ક્યાંયથી પણ સાહિત્ય ચોરી કરી નથી અને આ લેખ બીજે પ્રસિદ્ધ થયેલો નથી તથા પ્રસિદ્ધ કરવા મોકલ્યો નથી. લેખ માટે હું / અમો સંપૂર્ણ જવાબદાર છું/છીએ. મને/અમને ખબર છે કે આવું કરવાથી અમારી સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

તારીખ :    /    /૨૦૨૨                                        લેખકની સહી

નોંધ : લેખ એક કરતા વધારે લેખકો દ્વારા લખાયેલ હોય તો આ ફોર્મની ઝેરોક્ષ કઢાવવી. દરેક લેખકે અલગ-અલગ ફોર્મ ભરવાનું છે.

**ઉપપ્રમુખનું સરનામું : નવલસિંહ કે. વાઘેલા - એ/૩, અભિનંદન સ્વામી સોસાયટી, ન્યુ નિકીતા પાર્ક પાસે, ગુરૂકૂળ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨. મો. : 98258 36136**

**(ચ) ભોજન, રહેઠાણ વગેરેની ફી અંગે :**

રાજા રામમોહન રૉય લાઈબ્રેરી ફાઉન્ડેશન કોલકાતા, ગ્રંથાલય ખાતુ, ગ્રંથાલય રાજ્ય તરફથી આર્થિક અનુદાન આવવાની અપેક્ષાએ ભોજન અને ઉતારા ફી વગેરેમાં યોગ્ય સબસીડી આપ્યા બાદ આ ગ્રંથાલય પરિસંવાદમાં આવવા ઈચ્છતા દરેક પ્રતિનિધિએ પરિસંવાદ દરમ્યાન ચા-નાસ્તો, ભોજન રહેઠાણ અને ડેલીગેટફીની ભેગી રકમ રૂપિયા **૧૦૦૦/- (અંકે એક રૂપિયા હજાર પુરા)** મોકલવાની રહેશે. માત્ર રહેઠાણ (ઉતારા)ની વ્યવસ્થા જોઈતી ન હોય તેવા પ્રતિનિધિઓએ **₹ ૮૦૦/- (અંકે રૂપિયા આઠસો પુરા)** મોકલવાના રહેશે. આ અંકમાં આપેલ ફોર્મની ઝેરોક્ષ કાઢી યોગ્ય માહિતી ભરીને એટપારના ચેકથી અથવા ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદના નામના ડીમાન્ડ ડ્રાફ્ટથી સંઘના મંત્રીશ્રી કિરીટભાઈ ગંધકવાલાને તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં મોકલવાની રહેશે. નાણાં મની ઓર્ડરથી કે કોઈ પણ સહકારી બૅંકના ચેકથી મોકલવા નહીં. તેમજ બૅંક બેલેન્સ સિવાયના ચેક પણ મોકલવા નહીં.

દરેક નોંધાયેલા પ્રતિનિધિને બુક ઑફ પેપર્સ, કીટ, પેડ, બોલપેન, દરરોજ સવારનો ચા-નાસ્તો, બપોરનું ભોજન, સાંજે ચા તથા સાંજના ભોજન માટેની કુપન બુક, મર્યાદિત સંખ્યામાં રહેવાની વ્યવસ્થા વગેરે પૂરા પાડવામાં આવશે.

**વિદ્યાર્થીઓએ ₹ ૨૫૦/-**, નિવૃત્ત ગ્રંથપાલો તથા ગુજરાત રાજ્ય ગ્રંથાલય ખાતા તરફથી અનુદાન મેળવતા સાર્વજનિક ગ્રંથાલયના પ્રમુખ, મંત્રી, ગ્રંથપાલે **રૂપિયા ૮૦૦/-** મોકલવાના રહેશે.

**અનિવાર્ય કારણસર ગ્રંથપાલના પત્ની અથવા પતિને સાથે લાવવાના હોય તો**
**તેમની ફી ₹ ૧૨૦૦ રહેશે અને તેઓને કીટ મળવાપાત્ર થશે નહિ.**

જે કોઈ પ્રતિનિધિ આજીવન સભ્ય ન હોય તો તેઓએ **રૂપિયા ૨૦૦/- વાર્ષિક સભ્ય ફી અથવા આજીવન સભ્ય ફી ₹ ૧૫૦૦/-** ઉમેરીને રકમ મોકલવી. દરેક પ્રતિનિધિએ સંઘના સભ્ય થવું ફરજિયાત છે. આ ફી ડેલીગેટ ફીની સાથે મોકલવી ફરજિયાત છે. એટપાર ચેક/ડીડીની પાછળ પ્રતિનિધિએ પોતાનું નામ, સ્થળ અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત છે. આપણને સારો એવો પગાર મળે છે માટે દર વર્ષે યાદ કરી વાર્ષિક ફી ભરવી તેના બદલે એક વખત આજીવન ફી **₹ ૧૫૦૦/-** ભરી દેવા અપીલ છે. તેનાથી વહિવટમાં પણ સરળતા રહેશે.

→ સ્પોટ રજિસ્ટ્રેશન કરવામાં આવશે નહીં, પરંતુ અનિવાર્ય સંજોગોમાં અપવાદરૂપ કિસ્સામાં સ્પોટ રજિસ્ટ્રેશન કરાવનારને રૂપિયા ૩૦૦/- (ત્રણસો) વધારાના આપવાના રહેશે. (સ્પોટ રજિસ્ટ્રેશન કરાવનારને રહેઠાણની વ્યવસ્થા ખાલી હશે તો અપાશે.)

**ઉતારા અંગે ખાસ નોંધ :** ઉતારાની વ્યવસ્થા જે સંસ્થામાં કરી છે તે સંસ્થાના નિયમ પ્રમાણે તા. ૨૭ જાન્યુઆરીએ સવારે ૧૦ કલાકે રૂમમાં ચેક-ઈન ટાઈમ છે. આથી આગલા દિવસે કોઈ વ્યવસ્થા મળશે નહિ. જરૂર હોય તો વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

રહેઠાણમાં આશરે ૧૦૦ + વ્યક્તિની જ રહેવાની વ્યવસ્થા થઈ શકશે. ઉપરોક્ત વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. આથી રજિસ્ટ્રેશન તુરંત કરાવવું અત્યંત જરૂરી છે.

★ રૂમમાં પલંગ / ગાદલા છે. ભાઈઓ અને બહેનો માટે અલગ વ્યવસ્થા છે.

## એક વ્યક્તિ ધારે તો ઘણું કરી શકે છે

ભારતીય જીવનક્ષેત્રમાં બધા વિભાગોમાં કોઈ ને કોઈ બાબતે મોટા ભાગે ધાર્મિક ક્ષેત્રે બ્રાહ્મણોનો ફાળો વધારે જોવા મળે છે. બધા ઋષિમુનિઓ, બધા આચાર્યો અને મોટા ભાગના સાહિત્યકારો બ્રાહ્મણ છે. આપણે આજે એક એવા જ મહાપ્રતિભાવન અને આદિ સુધારક અથવા વર્તમાન યુગના આદિ સુધારક બ્રાહ્મણના જીવનચરિત્રનો વિચાર કરવાનો છે. તેમનું પ્રસિદ્ધ નામ છે : **રાજા રામમોહન રાય.**

સૌથી પહેલા તો આપણે તેમના નામ વિશે માહિતી મેળવીએ. તેમનું મૂળ નામ હતું રામમોહન પરંતુ તેમના પ્રપિતા કૃષ્ણચેરૂ નવાબોની નોકરી કરતા હોવાથી તેમને રાય નામની ઉપાધિ મળી હતી. અકબર બીજા દ્વારા તેમને રાજાનો ખિતાબ આપવામાં આવે છે.

તેમનો જન્મ પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લામાં રાધાનગર ગામમાં ૨૨ મે, ૧૯૯૨ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ રમાકાન્ત રાય અને માતાનું નામ તારિણીદેવી હતું. ધીરે ધીરે રામમોહન મોટા થવા લાગ્યાં. પાંચ વર્ષના થતાં જ પિતાએ તેમને પાઠશાળામાં મોકલી દીધા. પાઠશાળામાં તેમણે માતૃભાષા બંગાળી તથા ધર્મભાષા સંસ્કૃતનું અધ્યયન કર્યું. તેઓ અભ્યાસમાં ઘણાં મેઘાવી હતાં. તેઓ ૯-૧૦ વર્ષના થયા ત્યારે તેમના પિતાની સામે એક મોટો પ્રશ્ન ઊભો થયો કે એમને કેરિયર કેવું બનાવવું ? તે સમયમાં ફારસી, અરબી માટે પટણામાં સૌથી મોટી વ્યવસ્થા હતી. પટણામાં તેઓએ ૨-૩ વર્ષ અભ્યાસ કર્યો અને આ બંને ભાષા શીખી ગયા.

તેઓએ અનેક ધાર્મિક પુસ્તકો, વેદો, ઉપનિષદો વગેરેનો અભ્યસ કર્યો. રાજા રામમોહન જ્યારે ૯ વર્ષના હતા ત્યારે જ તેમના લગ્ન કરી દેવામાં આવ્યા હતા. વિવાહના થોડા દિવસ બાદ જ તેમની બાળપત્નીનું અવસાન થઈ ગયું હતું. ૧૮૦૩માં તેમના પિતા રમાકાન્તનું મૃત્યુ થઈ ગયું. પિતાના મૃત્યુ પછી રામમોહન વૈચારિક રીતે વધુ મુખર થઈ ગયા. તેઓએ મૂર્તિપૂજાના વિરોધમાં અને બીજી ઘણી ધાર્મિક રૂઢિઓના વિરોધમાં તેમણે એક પુસ્તિકા ફારસી ભાષામાં છાપી દીધી. તેનું નામ હતું, 'તુકાદ - એ - ઉલ મુહાઈદ્દીન'.

એક વાર એવું બન્યું કે ભાગલપુરમાં રામમોહન નોકરી કરતાં હતાં ત્યારે રામમોહન પોતાની પાલખીમાં જઈ રહ્યાં હતાં. એ જ સમયે કલેક્ટર પોતાના ઘોડા ઉપર ભ્રમણ કરવા નીકળ્યા. નીચે ઊતરે પસાર થાય ત્યાં સુધી માથું ઝુકાવે એવો રીવાજ હતો. રામમોહન ન ઊતર્યા. કલેક્ટર ગુસ્સે થઈ ગયો. રામમોહને તે સમયના ગવર્નર જનરલ એટલે કે વૉઈસરોય મિન્ટોને લાંબી અરજી કરી અને કલેક્ટરે પોતાનું રાજમાર્ગ ઉપર સૌની દેખતાં અપમાન કર્યું તેથી તેમને ભારે દુઃખ થયું. એવી ફરિયાદ કરી. અંગ્રેજો ન્યાયપ્રિય પ્રજા કહેવાય છે.

વૉઈસરોય મિન્ટોએ તે કલેક્ટરને ફરીથી આવો વ્યવહાર ન કરવા ચેતવણી આપી. આ રીતે તે સમયના કલેક્ટર જેવા ઊંચા પદવાળા અંગ્રેજ સાથે રામમોહન સંઘર્ષ કરી બેઠા અને વિજયી થયા. તે સ્વમાનપ્રેમી હતા. તેઓને તેમનું સ્વમાન પ્રિય હતું.

તેમના મોટાભાઈ જગમોહનને ત્રણ પત્નીઓ હતી. ઈ.સ. ૧૮૧૨માં જગમોહનનું મૃત્યુ થઈ ગયું. ૧૭ વર્ષ સુધી સંઘર્ષ કર્યો. ઈ.સ. ૧૮૨૯ના ડિસેમ્બર મહિનાની ૪ થી તારીખે વાઈસરોય લોર્ડ વિલીયમ બેન્ટીક દ્વારા સતીપ્રથા પ્રતિબંધક ધારો પસાર કર્યો.

રામમોહન પાસે હવે બે લક્ષ્ય હતા. ધાર્મિક સુધારણા અને સતીપ્રથાનો નાશ ઈ.સ. ૧૮૧૫માં રામમોહને પોતાની મહિકતલા હવેલીમાં એક સંસ્થાનું નિર્માણ કર્યું તેમના વિચારોને દૂર દૂર સુધી ફેલાવવા માટે.

રામમોહને શિક્ષણ ઉપર બહુ ભાર મૂક્યો, કારણ કે બધા અનર્થોનું મૂળ અશિક્ષિતતા હતું. અશિક્ષિત, અભણ માણસો ગતાનુગતિક જીવન જીવતા હોય છે. જેમાં અંધશ્રદ્ધાનાં ભરપૂર તત્ત્વો હોય છે. વધુમાં વધુ લોકોએ અંગ્રેજી શિક્ષણ મેળવવું જોઈએ.

રામમોહને ૧૯૨૫માં આત્મીય સભાની સ્થાપના કરી. રાજારામ મોહનરાય એ ઐકેશ્વરનો એક વિચાર આપ્યો હતો. એટલે કે ઈશ્વર એક છે.

''બહુત ભટક લિયા મંદિર મસ્જિદ ઔર કંઈ ગુરૂદ્વારા,

ઔર ન ભટકો ઓ ઈન્સાનો, દિલ મેં હૈં જગ સરા.''

એટલે રાજારામ મોહનરાયનું કહેવું હતું કે ઈશ્વર એક છે, તમે અલગ અલગ રીતે તેનું વિભાજન ન કરો. આમ રાજા રામ મોહનરાયે ઘણા સમાજ સુધારણાના કાર્ય કર્યા, જેમ કે દૂધપીતી પ્રથા પર પ્રતિબંધ, વિધવા વિવાહ સમર્થન, સતીપ્રથા બંધ કરવી વગેરે.

તેમનું ૨૭ સપ્ટેમ્બર ૧૮૩૩ના રોજ મૃત્યુ થાય છે. ઈંગ્લેન્ડના બ્રિસ્ટલ ખાતે. ૧૮ ઓકટોબર ૧૮૩૩ના રોજ તેમની અંતિમવિધિ કરવામાં આવે છે. પ્રસિદ્ધ ચિત્રકાર બ્રિક્સ દ્વારા તેમનું ચિત્ર બનાવવામાં આવ્યું. બ્રિસ્ટલના મ્યુઝિયમમાં આજે પણ આ ચિત્ર જોવા મળે છે.

I want to say one famous quote of Raja Ram Mohan Ray.

Let us all Remember :

"There is only one God.

None equals him.

He has no end.

He is present in

all living beings."

**Editing : Prajapati Priyanka Hiteshbhai** **Mo. : 98980 45546**

Standard : 11th Roll No. : 18

School : New Vishwa Bharati Girls High School

**અપીલ**

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દ્વારા પ્રકાશિત ''ગ્રંથાલોક''ના અંક સંપૂર્ણ કાળજીપૂર્વક દરેક આજીવન અને વાર્ષિક સભાસદોને મોકલવામાં આવે છે. કેટલાક ગ્રંથપાલ મિત્રોની ફરિયાદ આવે છે કે, અમોને અંક મળેલ નથી. તો પોતાના વિસ્તારમાં આવેલ પોસ્ટ ઑફિસમાં લેખિત ફરિયાદ આપે. આપણે તો મોકલી આપીએ છીએ પરંતુ ગમે તે કારણે કોઈક સભ્યોને અંક મળતા નથી. આથી અપીલ કરવામાં આવે છે કે, જે કોઈ ગ્રંથપાલ મિત્રને અંક મળે ત્યાર બાદ તે ગ્રંથપાલ મિત્ર તેમના સંપર્કમાં હોય તેવા ગ્રંથપાલ મિત્રોને સંઘની પ્રવૃત્તિની જાણ કરે. આભાર...

# વાંચન કૌશલ્ય વિકાસમાં યોગ અને ધ્યાનનું મહત્ત્વ

– અનલતા સી. પ્રજાપતિ

– ડૉ. નીતા વી. ચૌધરી

(૧) ગ્રંથપાલ, સરકારી વિનયન કોલેજ, ઝઘડીયા જિ. ભરૂચ

(૨) પી.ટી.આઈ., સરકારી વિનયન કોલેજ, ઝઘડીયા, જિ. ભરૂચ

પરિવર્તન પામતા સમાજની સાથે અનુકૂલન સાધવા માટે નવા કૌશલ્ય, જ્ઞાન અને વલણ કેળવવા પડે છે અને આ માટે કોઈપણ વ્યક્તિએ વાંચન કરવું જરૂરી છે. વાંચન દ્વારા જ નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. બદલાતા જતા સમયની સાથે આધુનિક જીવનશૈલીના પરિણામે ઊભી થતી સમસ્યાઓ પણ માનવને મૂંઝવતી હોય છે. આમ જીવન વિકાસના વિવિધ તબક્કે થતા શારીરિક અને માનસિક ફેરફારોને પરિણામે ઊભી થતી સમસ્યાઓનો દરેક વ્યક્તિએ સામનો કરવાનો છે. શિક્ષણ વિકાસની આંતરરાષ્ટ્રીય સમિતિએ તેના પુસ્તક 'લર્નિંગ ટુ બી'માં દર્શાવ્યા મુજબ વિકસિત અને વિકાસશીલ દેશો માટે ભવિષ્યમાં ઉપયોગી થઈ પડે તેવા મૂળભૂત ખ્યાલ તરીકે આજીવન શિક્ષણ એટલે કે ''લાઇફ લોંગ એજ્યુકેશન''ની આવશ્યકતા દર્શાવી છે. આજીવન શિક્ષણનો ખ્યાલ જીવનની ગુણવત્તા સુધારવા માટે જરૂરી છે તેથી આજીવન શિક્ષણ માટે વાંચન જરૂરી છે એટલું જ નહીં પણ વ્યક્તિએ પોતાની બૌદ્ધિક ક્ષમતા અટકાવવા માટે પણ વાંચન જરૂરી છે. વાંચન દ્વારા જ વિશાળ જ્ઞાન ભંડારને પામી શકાય છે તેથી કહેવાયું છે કે વાંચન એ અનેક વિષયોના જ્ઞાનના દ્વાર ખોલવાની સોનેરી ચાવી છે.

આજના સાંપ્રત સમયમાં વ્યક્તિએ માત્ર વાંચન કરવાની જેટલી જરૂર છે એટલું જ નહીં પણ ઝડપથી અર્થગ્રહણ યુક્ત વાંચનની જરૂરિયાત ઊભી થઈ છે તેના માટે માનસિક સ્વાસ્થ્ય એ ખૂબ જ જરૂરી પરિબળ છે અને આ માનસિક વિકાસ યોગ અને ધ્યાન દ્વારા જ કરી શકાય છે. આજના આધુનિક યુગમાં લોકો જે ભાગદોડ વાળી જિંદગીમાં અનિયમિતતા, અનિશ્ચિતતા અને અંધાધૂંધીમાં જીવી રહ્યા છે જેનો એક જ માત્ર ઉપાય છે યોગ અને ધ્યાન કારણ કે યોગ એ વ્યક્તિગત સ્તર પર અને સામાજિક સ્તર પર પણ સમાન અસરો ઉપજાવી શકે છે. યોગ શબ્દનો ઉદ્ભવ અને તેનો અર્થ જોતાં એવું લાગે છે કે વ્યક્તિ વિકાસના દરેક તબક્કામાં યોગ અને ધ્યાનનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે.ફ આમ જોઈએ તો યોગ શબ્દ સંસ્કૃતના યુગ ધાતુ ઉપરથી આવેલો શબ્દ છે જેનો અર્થ સંપર્ક (communication) અથવા જોડાણ (Union) એવો થાય છે. યોગ દ્વારા ચિત્ત એટલે કે (individual consciousness)નો સંપર્ક ચિત્તી એટલે કે (cosmic consciousness) સાથે કરી શકાય છે, આમ યોગ અને ધ્યાન દ્વારા જ ચિત્તનો લય થતા તેની વૃત્તિઓનો અવરોધ થાય છે અને દૃષ્ટા સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય છે. યોગનો એક અર્થ થાય છે સમતોલન એટલે કે (Balance) અને બીજો અર્થ છે લય એટલે કે (Rhythm) જોવા જઈએ તો પ્રાણના લય દ્વારા મનની સમતા. જો પ્રાણ સતત રીતે ચાલે તો મનમાં સતત સમતા રહે છે અને ત્યારે જ આપણે આપણા મનના તરંગોને / વિચારોને રોકી શકાય છે અને કોઈ એક કાર્યમાં સ્થિરતા લાવી શકીએ છીએ, જો આ પ્રકારની સ્થિરતા આપણા કાર્યમાં હંમેશા માટે લાવી શકીએ ત્યારે જ આપણે કાર્યમાં કુશળતા કેળવી શકીએ છીએ.

આજના સમયમાં દરેક લોકો કે જે ધંધાદારી હોય, કર્મચારી હોય, કે વિદ્યાર્થી હોય તેઓ ઈન્ટરનેટના જમાનામાં દરેક કાર્યમાં શોર્ટકટ અપનાવતા થઈ ગયા છે, જેનાથી તેમનામાં રહેલી સુસુપ્ત શક્તિઓ અને કૌશલ્ય કળા લુપ્ત થતી જોવા મળે છે, તેના પરિણામો લાંબા ગાળે સમાજ માટે વિનાશ નોતરી શકે છે, પરંતુ યોગ તથા ધ્યાન એ આપણે ભારતીય સંસ્કૃતિની પરંપરાગત અને અવિરત ચાલતી પ્રક્રિયા છે, જો આપણે સૌ આ પ્રક્રિયાને અપનાવીએ તો ઘણું બધું અમૂલ્ય જ્ઞાન પ્રાપ્ત કરી પોતાનો યોગ્ય દિશામાં વિકાસ સાધી શકાય છે. મારે કહેવાનું તાત્પર્ય એ છે કે વાંચન કૌશલ્ય વિકાસ કેવી રીતે ? આપણે આગળ જોયું તે પ્રમાણે યોગ અને ધ્યાનથી શરીર અને મનને એકાગ્ર કરી શકાય છે. આ એકાગ્રતા હોવી એ જ એક વિશેષ સિદ્ધિ છે જે સિદ્ધિ થકી જ્ઞાન અને મહાનતા પ્રાપ્ત કરી શકાય છે. આપણે આપણા જીવનમાં એકાગ્રતા અને ચિત્ત ના લય દ્વારા મન પર સમતા રાખી મનને શાંતિ અનતે એકાગ્ર કરી શકાય છે. બિનજરૂરી નકારાત્મક વિચારો અને ભાવોને રોકી શકાય તથા સકારાત્મક અને ઉચ્ચ વિચારોને ગ્રહણ કરી દરેક ક્ષેત્રમાં કૌશલ્ય પ્રાપ્ત કરી ઉચ્ચ પરિણામો લાવી શકાય છે. એ પરિણામો ભલે પછી અભ્યાસમાં વાંચન ના હોય કેમકે વાંચન એ જ વ્યક્તિ અને સમાજના વિકાસ માટે સર્વશ્રેષ્ઠ પ્રક્રિયા છે. જીવનના દરેક ક્ષેત્રમાં વાંચનની ખૂબ આવશ્યકતા રહેલી છે અને વાંચન એ એક એવી કળા છે જેની જરૂરિયાત ઉંચ-નીચ, અમીર-ગરીબ બધાને જ હોય છે. સ્પષ્ટ વાંચન કૌશલ્યની મદદથી સંભારણા, વાર્તાઓ, દંતકથાઓ, કહેવતો અને અન્ય અભ્યાસમાં વાંચનથી જ્ઞાનરૂપી ધન પ્રાપ્ત થાય છે તેના પરિણામે વ્યક્તિ, સમાજ અને દેશના યોગ્ય વિકાસ માટે મદદરૂપ બની શકે છે તથા અશિક્ષિત લોકોને પણ જ્ઞાનનો લાભ મળી શકે છે કારણ કે આજના પ્રગતિશીલ વિશ્વમાં વાંચન કૌશલ્ય હોવું એ અત્યંત જરૂરી છે, જો વાંચન કૌશલ્યની યોગ્યતા ન હોય તો સંસારમાં સંસ્કૃતિની મહાનતાનો આનંદ અધૂરો રહી જાય છે અને આ બધાથી વ્યક્તિ તથા સમાજ ઘણો દૂર થઈ જાય છે, માટે જ આપણી પ્રાચીન સંસ્કૃતિમાં કહ્યું છે કે, યોગ્ય અભ્યાસનો સહારો લઈ નિયમિત યોગ, ધ્યાન, આસન, પ્રાણાયામ જેવી ક્રિયાઓથી સ્વસ્થ શરીર અને તંદુરસ્ત મનનો વિકાસ કરવો જોઈએ. કહેવાય છે કે ''સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન વસે છે.''

વાંચન એ માનવીના જીવનમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. જેવું વાંચન એવા વિચાર અને જેવા વિચાર તેવા આચાર. ટૂંકમાં વાંચનની અસર વ્યક્તિના વ્યક્તિત્ત્વ ઉપર થતી હોય છે. તેથી સામાન્ય માણસે અને વિદ્યાર્થીઓએ પોતાના રોજબરોજના જીવનમાં શું વાંચવુ જોઈએ, એ નક્કી કરવું જોઈએ. તંદુરસ્ત માનસિક વિકાસ માટે સારા વાંચનની છે. ગમે તેવું વાંચન જેવું કે રહસ્યકથાઓ, જાસૂસકથાઓ આ પ્રકારના સાહિત્યના વચંચનની અસર મન ઉપર થયા વગર રહેતી નથી. તેથી જ બર્નાડ શોએ કહ્યું છે કે વાંચવું જોઈએ એ તો બધા જ જાણે છે, પણ શું વાંચવું જોઈએ એ કોઈ જાણતું નથી. એટલે શું વાંચવું અને કેવી રીતે વાંચવું એ અંગેના માર્ગદર્શનની સવિશેષ જરૂરીયાત પ્રવર્તમાન સમયમાં જણાય છે. કોઈપણ વ્યક્તિ શાળાથી થઈને ઉચ્ચ અભ્યાસ કરે છે, પરંતુ એનાથી એ શિક્ષિત બનતો નથી, કારણ કે તેના અભ્યાસ દરમિયાન જે કંઈ જ્ઞાન મેળવ્યું છે, એ સમય જતાં જૂનું થઈ જાય છે. સમયની સાથે નિતનવીન જ્ઞાનમાં વધારો થાય છે. તેથી કોઈ પણ વ્યક્તિએ અભ્યાસ પૂર્ણ કર્યા પછી પણ વાંચન તો ચાલુ જ રાખવું જોઈએ. ખરેખર તો વ્યક્તિએ પોતાના જીવનનો એક દશાંશ સમય વાંચન માટે આપવો જોઈએ, તો જ તે પોતાના જીવનને નવા જ્ઞાનથી પરિચિત રાખી શકે છે.

યોગ અને ધ્યાન વાંચન કૌશલ્યમાં સુધારો લાવી શકાય છે. આપણે જાણીએ છીએ કે યોગ કરવાથી ઘણી એવી સ્વાસ્થ્ય સંબંધી તકલીફો દૂર થઈ શકે છે જેમ કે આળસ, ડર, ચિંતા, સંકોચ, નકારાત્મક વિચારો થાક, શરીરની શારીરિક ખામીઓ તથા તકલીફો અને માનસિક તકલીફોને યોગ થકી ધીરે ધીરે દૂર કરી શકાય છે અને શરીરને સશક્ત અને મનને તંદુરસ્ત રાખી શકાય છે ચિંતા અને આળસથી મુક્તિ મળે છે. સમયની સાથે સાથે વ્યક્તિત્વમાં બદલાવ આવે છે અને નવું નવું કંઈ શીખવાની અને જાણવાની રુચિ તથા કાર્યમાં એકાગ્રતા વધે છે. આપણે સૌ જાણીએ છીએ કે યોગ એ આઠ અંગોનો સમૂહ છે, યામ, નિયમ, આસન, પ્રાણાયામ, ધારણા, ધ્યાન અને સમાધિ, જ્યારે ધ્યાન એ પણ યોગનું એક સાતમું અંગ ગણાય છે. યોગ સરળ પરંતુ ખૂબ જટિલ પ્રક્રિયા છે. સિદ્ધિ પ્રાપ્તિ અને કૌશલ્ય વિકાસ માટે યોગ અને ધ્યાન પહેલા શરૂઆતના છ અંગોના અભ્યાસમાંથી પસાર થવું જ રહ્યું !

કોન્સન્ટ્રેશન એકાગ્રતા વધારનાર આસનો, પ્રાણાયામ તથા ધ્યાન મુદ્રાઓ...

સુખાસન, પર્વતાસન, વૃક્ષાસન, શીર્ષાસન, મકરાસન, સર્વાંગાસન, ભ્રામરી પ્રાણાયામ, અનુલોમ વિલોમ પ્રાણાયામ, યોગ નિંદ્રા, ધ્યાન મુદ્રા, ૐકાર નાદા.

વાંચન કૌશલ્ય વિકાસના ઉપાયો અને વાંચનના પ્રકાર :

૧. વ્યક્તિગત વાંચન :

શાળા, કોલેજો, સમૂહમાં કે કોઈ સમારોહમાં વ્યક્તિગત વાંચન દરમિયાન વાંચનારે શબ્દો અને વાક્યની નાનામાં નાની બાબતનું ખૂબ ઝીણવટથી ધ્યાન રાખવું જરૂરી છે. પૂર્ણવિરામ, અલ્પવિરામ, શબ્દોનો ઉચ્ચાર અને ભાવ વગેરે બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે. જો કોઈ ભૂલ જણાય તો તે સમયે તે બાબતને ધ્યાન રાખી વાંચનની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેને પોતાની ભૂલોથી અવગત કરાવવું જોઈએ. જેથી એમાં સુધારો લાવી વાંચન કૌશલ્ય કેળવી શકાય છે.

૨. સામૂહિક વાંચન :

સામૂહિક વાંચન એટલા માટે કરાવવું જોઈએ જેથી કોઈ વિદ્યાર્થી નબળો હોય સંકોચ કે ડર હોય તો તેને દરેકની સાથે વાંચવાની તક મળે જેથી તેવા વિદ્યાર્થીઓનો ડર દૂર થઈ શકે અને નીડરતાથી વાંચનમાં રસ કેળવી શકાય.

વાંચનના અંગો થકી વાંચન કૌશલ્ય :

૧. વિરામ ચિન્હનો ઉપયોગ :

વાંચતા સમયે વિદ્યાર્થીઓએ એવી નાની નાની મુખ્ય બાબતો પર ધ્યાન રાખવું જોઈએ. જેમ કે વિરામચિન્હ, અર્ધ વિરામ, પૂર્ણવિરામ ચિન્હ, પ્રશ્નાર્થ ચિન્હ, ઉદ્ગાર ચિન્હ વગેરેનું યોગ્ય ઉચ્ચારણ કરી શકાય.

૨. શુદ્ધ ઉચ્ચારણ :

વિદ્યાર્થીઓમાં એવી કૌશલ્ય કલાનો વિકાસ થવો જરૂરી છે કે જેથી તેઓ ગદ્ય તથા પદ્ય, ।રોહ-અવરોહ સાથે દરેક શબ્દોનું ઉચ્ચારણ યોગ્ય અને સ્પષ્ટ રીતે કરી શકે.

૩. શબ્દનો પ્રભાવ :

વિદ્યાર્થીઓ જ્યારે વાંચન કરે ત્યારે દરેક શબ્દ ઉપર તેની પકડ હોઈ શકે એ કૌશલ્ય કેળવવું જરૂરી છે.

૪. શબ્દનું સાર્થક જ્ઞાન :

વિદ્યાર્થીઓએ જાણવું ખૂબ જ અગત્યનું છે કે કયો શબ્દ ક્યારે કેવી રીતે બોલવો તથા ઉચ્ચ સ્વર અને નિમ્ન સ્વરનો ક્યાં - ક્યાં અને કેવા શબ્દોના વાંચન માટે ઉપયોગ કરવો તેની જાણકારી હવે ખૂબ જરૂરી છે.

૫. વિશિષ્ટ શક્તિ :

લેખિકા, વિદુષી એ વાંચન માટેની વિશિષ્ટતા દર્શાવતા કહ્યું છે કે વાંચન દરમિયાન પુસ્તકને ડાબા હાથમાં પોતાની આંખોથી ૧ ૨ ઈંચ દૂર અને ૪૫°નો ખૂણો બને તે રીતે રાખવું જોઈએ વાંચવવાળી વ્યક્તિનું મુખ સાંભળનારઓને અવશ્ય દેખાવું જોઈએ.

૬. પ્રસંગોપાત ઉતાર - ચઢાવ :

પ્રસંગો પ્રમાણે તથા શ્રોતાઓની અવસ્થાને ધ્યાનમાં રાખી વાક્યમાં ઉતાર-ચઢાવ તથા આરોહ-અવરોહ સાથે વાંચન કરવાથી વાક્યમાં પ્રાણ પૂરી તેને સજીવ બનાવી શકાય.

૭. સરળતા અને મીઠાશ :

વાંચન કૌશલ્ય દ્વારા વાક્યમાં પ્રાણ પૂરી તેને મીઠા મધુર સ્વરથી સરળતાથી રજૂ કરી વિદ્યાર્થીઓ તથા શ્રોતાઓને પ્રેરિત કરીને રસ રુચિમાં વધારો કરી શકાય છે.

૮. વાંચન મુદ્રા :

વાક્યમાં રહેલા ભાવને પ્રગટ કરવા માટે વાંચન મુદ્રાનું એક અલગ સ્થાન રહેલું છે, જેમ કે વીર રસની કવિતા હોય ત્યારે વાંચનારના મુખ પર વીરતા અને તેજનો ભાવ પ્રગટ થવો. શૃંગાર તથા કરુણ રસમાં મુખ પર પૂર્ણતા તથા દુઃખનો ભાવ પ્રગટ થવો વગેરે...

૯. રુચિ :

વાંચન કૌશલ્ય માટે વાંચનારને રુચિ હોવી એ ખૂબ અગત્યનું પાસું છે, જ્યાં સુધી વાંચન માટે રુચિ ન કેળવાય ત્યાં સુધી કોઈ સિદ્ધિ સાર્થક થતી નથી.

ટૂંકમાં સ્વસ્થ શરીર અને સ્વસ્થ મન દ્વારા જ સ્વસ્થ સમાજનું નિર્માણ થાય છે. જેના માટે યોગ અને ધ્યાન ખૂબ જ જરૂરી છે અને યોગ અને ધ્યાન દ્વારા સ્વસ્થ મન થકી જ વાંચન કૌશલ્ય વિકસાવી શકાય છે.

સંદર્ભ :


1. Patel Bhailalbhai V., Vachan Vignan, University Granth Nirman Board, Ahmedabad-2017.
2. Bhesaniya Dara J., Yoga ane Meridiyans, Soliji Yoga Foundation, Vadodara.
3. Bhatt Harshad, Yogashikshanma Sharirachana ane Kriyavignan, Gujarat Sahitya Bhavan, Ahmedabad-2015.
4. http://www.mpgkpdf.com
5. http://www.childreninspiredbyyoga.com

Gujarat Public Trusts Act, 1950

SCHEDULE VIII

( See rule 17 (1))

**Name of the Public Trust :** GUJARAT GRANTHALAY SEVA SANGH

**Address:-** 4A LAXMINARAYAN SOCIETY, ASHRAM ROAD, USMANPURA AHMEDABAD 380013

**Balance Sheet as at 31ST MARCH 2022,** **Registration No.:-** E/3172/ AHMEDABAD

**Bank Account No of Trust for Foreign Transaction Contribution : Not Applicable FCRA No : Not Applicable**

| FUNDS & LIABILITIES | Rs. | Rs. | PROPERTY & ASSETS | Rs. | Rs. |
|---|---|---|---|---|---|
| **Trust Funds or Corpus :** | | | **Immovable Properties :** | | |
| | | | Balance as per last Balace Sheet | NIL | |
| Balance as per last Balance Sheet | | | Additions during the year | NIL | |
| Adjustment during the year (give details) | 0 | 0 | **Less Depreciation Up to Date** | NIL | NIL |
| **Other Earmarked Funds :** | | | **Movable Properties** | | |
| Reserve Fund _P C Shah Memorial Fund | 193432.8 | | Balance as per last Balace Sheet | NIL | |
| Any Other Fund-Life Membership Fund | 347411 | | **Add**: Addition during the year | NIL | NIL |
| Add : Received During the Year | NIL | 540844 | | | |
| | | | **Investments** | | |
| | | | **Advance** | | |
| **Loans (Secured or Unsecured)** | | | To Trustees | NIL | |
| From Trustees | NIL | | To Employees | NIL | |
| From Others | 6000 | 6000 | To Tds Receivable | 5191 | |
| | | | To Others : | | |
| **Liabilities :** | | | | | 5191 |
| Sundry creditors | | NIL | **Cash and Bank Balances** | | |
| | | | (i) In SB A/c.with : | | |
| | | | - Bank of Baroda | 691281 | |
| | | | (ii) Fixed Deposit with Bank/NBFC | 2409345 | |
| | | | (iii) Cash on hand | 209 | 3100835 |
| | | | **Income and Expenditure Account:** | | |
| **Income and Expenditure Account :** | | | Balance as per Balance Sheet | NIL | |
| Balance as per last Balance Sheet | 2232744 | | **Add : Deficits/Less Surplus** | | |
| **Add: Deficits/Less Surplus** | | | As per income and expenditure Account | NIL | NIL |
| As per Income & Expenditure Account | 326437 | 2559181 | | | |
| **Total Rs.** | | **3106025** | **Total Rs.** | | **3106026** |

The above Balance sheet to the best of my/our belief contains the true account of the funds and liabilities and of the property and asset of the trust

As per our report of even date

**FOR, H S K & CO LLP**

**Chartered Accountants**

**FRN : 117014W/W100685**

**SUDHIR S SHAH**

**(Partner)**

**M.No : 115947**

**UDIN : 22115947AMXVAG9900**

**Trustee** Pr.Bavishi

**Place : Ahmedabad**

**Date : 15/07/2022**

**Name of Trustee : Pankaj M. Bavishi**

**Address: 5 Minish Society, Ankur Road, Naranpura, Ahmedabad-380013**

**Phone No. 6351405727**

# સંવાદ સેતુ

ગ્રંથપાલ મિત્રો,

આપ સર્વેની કુશળતા ચાહતા અમો સૌ કુશળ છીએ. નીચે આપેલ ૩૮માં ત્રિદિવસીય ગ્રંથાલય સેમિનાર તિથલની અગત્યની તારીખ નોંધી લેશો.

(૧) સેમિનારની તારીખ : ૨૭, ૨૮, અને ૨૯ જાન્યુ ૨૦૨૩ શુક્રવાર, શનિવાર અને રવિવાર

(૨) સેમિનારનું સ્થળ : ધી બોમ્બે ગ્રેન ડિલર્સ એસોસિએશન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સેનેટોરિયમ - ગામ તિથલ. જી. વલસાડ
ફોન : ૦૨૬૩૨ - ૨૪૩૦૭૧
મો. ૯૬૩૮૭૭૦૫૩૧ (નિકિતાબેન)

**(૩) સેમિનારમાં રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૨**

(છેલ્લી તારીખની રાહ જોયા વગર રજીસ્ટ્રેશન કરાવી લેવું હિતાવહ)

**(૪) લેખ મોકલવાની છેલ્લી તારીખ ૧૫ ડિસેમ્બર ૨૦૨૨**

(૫) લેખ સ્વીકૃતિની જાણ કર્યાની તારીખ ૩૦ ડિસેમ્બર ૨૦૨૨

| હિમાંશુ પાંધી | કિરીટભાઈ ગંધકવાલા | નવલસિંહ વાઘેલા | પંકજભાઈ બાવિશી |
|---|---|---|---|
| ખજાનચી | મંત્રી | ઉપપ્રમુખ | પ્રમુખ |



સુશ્રી અમિતાબહેન દવેને પ્રમોશન મળતાં તેમને શુભેચ્છા પાઠવતાં પ્રમુખ પંકજભાઈ બાવિશી



ગ્રંથાલય વિજ્ઞાન કોશની રચના માટેની પહેલી બેઠકમાં ચર્ચા કરી રહેલા ગ્રંથાલય ક્ષેત્રના મહાનુભાવો



## રાજા રામમોહન રાયની ૨૫૦મી જન્મજયંતિની ઉજવણી 'મહિલા સશક્તિકરણ જાગૃતિ રેલી'




રાજા રામમોહન રાય - ૨૫૦મી જન્મ જયંતિ ઉજવણીના કાર્યક્રમનું બેનર



દીપ પ્રાગટ્ય કરી રહેલા પ્રતાપભાઈ મહેતા, પંકજભાઈ ગોસ્વામી, પંકજભાઈ બાવિશી અને DEOના બહેનશ્રી



પ્રતાપભાઈ મહેતાને સન્માનપત્ર અર્પણ કરી રહેલા પંકજભાઈ ગોસ્વામી તથા પંકજભાઈ બાવિશી




૯૫ વર્ષિય પ્રતાપભાઈ મહેતા અધ્યક્ષસ્થાનેથી શાબ્દિક આશીર્વાદ આપી રહ્યા છે.



સંઘના પ્રમુખ પંકજભાઈ બાવિશીનું શાલ ઓઢાડી અભિવાદન કરી રહેલા ગ્રંથાલય વિભાગના કર્મચારી મહેતાભાઈ



રેલીને પ્રસ્થાન કરાવી રહેલા જયશ્રીબહેન જોશી, પંકજભાઈ ગોસ્વામી, પંકજભાઈ બાવિશી, અમિતા દવે, ચૌધરીભાઈ વગેરે





વિશ્વભારતી સ્કુલની વિદ્યાર્થિની બહેનો પ્રોગ્રામમાં અને મહિલા સશક્તિકરણ જાગૃત રેલીમાં જોવા મળે છે.